## 1. માનવીની પ્રાથમિક પ્રવૃત્તિમાં શિકાર અને સંગ્રાહક પ્રવૃત્તિની નોંધ તૈયાર કરો.

- શિકાર, જંગલની પેદાશો એકઠી કરવી, પશુપાલન અને ખેતી માનવીની પ્રાથમિક પ્રવૃત્તિઓ ગણાય છે. આજથી 12,000 વર્ષ પહેલાં પૃથ્વી પર માનવી શિકારી અને સંગ્રાહક તરીકેનું જીવન જીવતો હતો. ખોરાકની શોધમાં આદિમાનવ દિવસ દરમિયાન ભટકતો રહેતો હતો.
- માનવીની પ્રાથમિક પ્રવૃત્તિની વિગતો નીચે પ્રમાણે છે :

  (1) આર્થિકસામાજિક વ્યવસ્થામાં ખોરાકની શોધ મહત્ત્વની હતી.

  (2) માનવી નાના સમૂહમાં રહેતો અને ભટકતું જીવન ગાળતો હતો.

  (3) શિકારીઓ પથ્થરમાંથી બનાવેલાં સાધનોનો ઉપયોગ કરીને પ્રાણીઓનો શિકાર કરતા હતા.

  (4) તેઓ વલ્કલ વસ્ત્રો પહેરતા અને સ્થાનિક વસ્તુઓનો ઉપયોગ કરી રહેઠાણ બનાવતા હતા.

  (5) ધ્રુવીય પ્રદેશમાં દરિયાકિનારે રહેતા લોકો સમુદ્રમાંથી મળતી માછલીઓ અને અન્ય દરિયાઈ જીવોથી પોતાનું ભરણપોષણ કરતા હતા.

  (6) ઉષ્ણ કટિબંધનાં જંગલોમાં રહેતા લોકો શિકાર અને જંગલની પેદાશો એકઠી કરી જીવનનિર્વાહ કરતા હતા.

  (7) આ લોકો પ્રાકૃતિક પરિસ્થિતિમાં જ જીવન જીવતા હતા. પર્યાવરણમાં કશું જ પરિવર્તન કરતા ન હતા. આ તેમની સ્વાશ્રયી અવસ્થા હતી.

## 2. માનવીની આર્થિક પ્રવૃત્તિઓના પ્રકાર જણાવી, પ્રાથમિક પ્રવૃત્તિ સમજાવો.

- માનવીની આર્થિક પ્રવૃત્તિઓને મુખ્ય પાંચ વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવે છે :

  1. પ્રાથમિક પ્રવૃત્તિ : શિકાર, વન્ય પેદાશો એકઠી કરવી, મસ્યાયન, ખનન અને ખેતપ્રવૃત્તિ.

  2. દ્વિતીયક પ્રવૃત્તિ : કાચા માલમાંથી રૂપાંતર કરી ચીજવસ્તુઓ બનાવવી, ઉદ્યોગવિષયક પ્રવૃત્તિઓ આ પ્રકારની છે.

  3. તૃતીયક પ્રવૃત્તિ : વ્યાપાર, પરિવહન, સ્વાથ્ય, શિક્ષણ, મનોરંજન, દૂરસંચાર સેવાઓ.

  4. ચતુર્થક પ્રવૃત્તિ : માહિતીનું ઉત્પાદન અને વિશ્લેષણ, સંશોધન, વિકાસલક્ષી સેવાઓ, વિશિષ્ટ શાન આધારિત ઉદ્યોગો, ઉચ્ચ સ્તરની રાજકીય કે વહીવટી સેવાઓ વગેરે.

  5. પંચમ પ્રવૃત્તિ જુદા જુદા ક્ષેત્રના વિશિષ્ટ કક્ષાના નિષ્ણાતોની સેવાઓ, વહીવટી નિર્ણય નિર્ધારકોની સેવાઓ, કુશળ સલાહકારો. નવી નીતિઓના નિર્ધારકોની સેવાઓ વગેરે.
- પ્રાથમિક પ્રવૃત્તિ : શિકાર અને સંગ્રાહક પ્રવૃત્તિ : આદિયુગમાં પૃથ્વી પરના બધા જ માનવીઓ શિકારી અને સંગ્રાહક તરીકે જીવતા હતા. પ્રાણીઓનો શિકાર, વન્ય પેદાશો એકઠી કરવી, પશુપાલન, મસ્યાયન વગેરે પ્રાથમિક પ્રવૃત્તિઓ હતી. માનવી નાના સમૂહમાં રહેતો અને ખોરાકની શોધમાં ભટક્ત જીવન ગાળતો હતો. શિકારીઓ પથ્થરમાંથી બનાવેલાં સાધનોનો ઉપયોગ કરીને પ્રાણીઓનો શિકાર કરતા હતા. તેઓ વલ્કલનાં વસ્ત્રો પહેરતા હતા.
- પશુપાલન : પ્રાથમિક પ્રવૃત્તિમાં પશુપાલનનું કાર્ય મહત્ત્વનું રહ્યું. ભારવહન અને ખેતીકામ માટે પ્રાણીઓનો ઉપયોગ કરવામાં આવતો હતો. શરૂઆતમાં અસ્થાયી પ્રકારનું પશુપાલન કરવામાં આવતું હતું. પશુપાલકો પોતાના પશુઓ દ્વારા દૂધ, માંસ, ઊન અને ચામડું વગેરે પશુપેદાશો મેળવતા હતા. પછીથી વ્યાપારિક પશુપાલનની પ્રવૃત્તિ વિકસી.

- ખેતી : આશરે 12,000 વર્ષ પહેલાં વિશ્વમાં ખેતીની શરૂઆત થઈ. શરૂઆતમાં માનવી પ્રાથમિક કક્ષાની અસ્થાયી ખેતપદ્ધતિથી ખેતી કરતો હતો. આ ખેતપ્રવૃત્તિનો મુખ્ય હેતુ ખોરાક માટે અન્ન ઉત્પન્ન કરવાનો હતો.
- ખનન : ખનન  કાર્યની શરૂઆત ઘણા પ્રાચીનકાળથી થઈ હતી. ભૂતકાળમાં તાંબું, લોખંડ વગેરે ખનીજો ખનન દ્વારા મળી આવતાં હતાં, ઓજારો અને શસ્ત્રો બનાવવા ખનીજોનો ઉપયોગ થવા લાગ્યો. ખનનના બે પ્રકાર છે : (1) ધરાતલ ખનન અને (2) ભૂમિગત ખનન .

3. ખેતી તથા તેને આધારિત આનુષંગિક પ્રવૃત્તિઓ જણાવો. (July 18)

- આશરે 12,000 વર્ષ પહેલાં વિશ્વમાં ખેતપ્રવૃત્તિની શરૂઆત થઈ હતી, સૌપ્રથમ તેણે જંગલોનાં વૃક્ષો કાપી જમીન સંપાદન કરી ત્યાં ખેતીની શરૂઆત કરી. આશરે 2થી 5 વર્ષ સુધી તે જમીનમાં પાક લીધા પછી ઉત્પાદન ઘટતાં તે જમીન પડતી મૂકી બીજી જમીન સંપાદન કરતો હતો.
- આ ખેતીને પ્રાથમિક કક્ષાની અસ્થાયી ખેતી કહેવાતી હતી. સમય જતાં અનુકૂળ આબોહવા, । સિંચાઈની સુવિધા અને ફળદ્રુપ જમીનમાં સ્થાયી ખેતી શરૂ થઈ, જેથી ગ્રામીણ વસાહતો ઉદભવી. બધી જ પ્રાથમિક પ્રવૃત્તિઓમાં ખેતપ્રવૃત્તિ સૌથી વધુ મહત્ત્વપૂર્ણ છે.
- વિકાસશીલ દેશોમાં આજે પણ લગભગ 65 %થી વધારે લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ઔદ્યોગિક ક્રાંતિ પછી ખેતી કામમાં યંત્રોનો ઉપયોગ શરૂ થયો. ખેતીમાં વૈજ્ઞાનિક અને ટેકનિકલ જ્ઞાનનો લાભ મળતાં હરિયાળી ક્રાંતિ થઈ. આબોહવા, વરસાદ, જમીન અને ભૂપુષ્ઠ વગેરે ખેતપ્રવૃત્તિને અસર કરતાં પરિબળો છે.
- ખેતી આધારિત આનુષંગિક પ્રવૃત્તિઓ : ફૂલોની ખેતી દ્વારા સુગંધિત દ્રવ્યો અને વિવિધ પ્રકારની ઔષધિઓ તૈયાર કરવી. મરઘાબતકાંનો ઉછેર કરી ઈંડાં અને માંસ મેળવવું.પશુપાલન દ્વારા દૂધ અને તેની બનાવટો તૈયાર કરવી. કેટલાંક વિશિષ્ટ પ્રાણીઓનો ઉછેર કરી ઊન, ચામડું અને માંસ મેળવવાં. વિવિધ બાગાયતી પાકો પર આધારિત ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગો દ્વારા અથાણાં, મુરબ્બા, શરબત વગેરે ઉત્પાદનો તૈયાર કરવાં.  મધમાખી ઉછેર કરી મધ મેળવવું.  શેતૂરની ખેતી કરીને રેશમના કીડા ઉછેરવા.  તેલીબિયાંનું પિલાણ કરી તેમાંથી ખાદ્ય તેલ તૈયાર કરવું. ખેતરના શેઢે કે ખુલ્લી જગ્યામાં ઔષધીય વૃક્ષોનો ઉછેર કરવો.  ડાંગરની ક્યારીઓમાં મત્સ્યઉછેર કરવો.

4. ઉદ્યોગોનું વર્ગીકરણ સમજાવો.

- ઉદ્યોગમાં રોકાયેલાં નાણાં, કામદારોની સંખ્યા તથા ઉત્પાદનના પ્રમાણના આધારે ઉદ્યોગોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય : 1, ગૃહઉદ્યોગ (કુટિર ઉદ્યોગ) 2. લઘુ ઉદ્યોગ અને 3. મોટા પાયાના ઉદ્યોગ.
- 1. ગૃહઉદ્યોગ (કુટિર ઉદ્યોગ) : હાથકારીગર કે શિલ્પકાર તેના કુટુંબના સભ્યોની મદદથી સ્થાનિક કાચા માલ વડે સામાન્ય સાધનોના ઉપયોગ દ્વારા તેના ઘરમાં જ ચીજવસ્તુઓનું નિમણિ કરે છે. અહી ઉત્પાદન મર્યાદિત હોય છે. ઉત્પન્ન થયેલ ચીજવસ્તુને સ્થાનિક બજારમાં વેચવામાં આવે છે. આ ઓદ્યોગિક ઉત્પાદનનું સૌથી નાનું સ્વરૂપ છે. કુંભાર, સુથાર, મોચી, લહાર વગેરે કારીગરો ગૃહઉદ્યોગ સ્વરૂપે જ ચીજવસ્તુઓ બનાવે છે. કપડાં, ચટાઈઓ, વાસણો, નાની મૂર્તિઓ, માટીનાં વાસણો, બુટચંપલ, સોનાનાં કે તાંબાનાં ઘરેણાં, વાંસમાંથી બનાવેલી ચીજો વગેરે ગૃહઉદ્યોગો દ્વારા તૈયાર થાય છે.
- 2. લઘુ ઉધોગ : ગૃહઉદ્યોગની તુલનામાં આ ઉદ્યોગ કદમાં વિસ્તૃત હોય છે, રોજગારીની તકો અહી વધારે છે. આધુનિક શક્તિ સંચાલન, મંત્રી અને કારીગરોની મદદ લઘુ ઉદ્યોગમાં લેવામાં આવે છે, કાચો માલ સ્થાનિક

બજારમાંથી મળતો ન હોય તો દૂરથી મંગાવવામાં આવે છે, વસ્ત્રો, કાગળ, કડાં, વીજળી ઉપકરણો, વાસણો, ફર્નિચર, ખાદ્ય તેલ, ચામડાનો સામાન વગેરેનું ઉત્પાદન એ લઘુ ઉદ્યોગોમાં થાય છે.

- 3. મોટા પાયાના ઉદ્યોગ : આ ઉદ્યોગમાં વિરાટકાય યંત્રો, વિપુલ મૂડી, મોટી સંખ્યામાં શ્રમિકો, રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય બજારો, પાકા માર્ગો, રેલવે માગ, દુરસંચાર વ્યવસ્થાઓ, બેંક્રો, પાણીનો વધુ પુરવઠો, કુશળ કારીગરો વગેરેની જરૂર પડે છે, અહી વ્યવસ્થાતંત્ર ઉચ્ચ મૂલ્ય આધારિત અને જટિલ હોય છે. અહી, ઉત્પાદનની ગુણવત્તા અને વિશિષ્ટીકરણ ઉપર વધુ ધ્યાન અપાય છે. ઉત્પાદન વધુ માત્રામાં થાય છે, લોખંડપોલાદ, સિમેન્ટ, પેટ્રોરસાયણ, મોટર કાર, જહાજ, વિમાન, રંગરસાયણો બનાવવા વગેરે મોટા પાયાના ઉદ્યોગો છે.